# બુટલેગરો માટે સિલ્કરૂટ ગણાતી રતનપુર ચેકપોસ્ટ સહીત રાજ્યની તમામ ચેકપોસ્ટ બંધ કરવાનો આદેશ

## પોલીસકર્મીઓમાં "કહી ખુશી કહી ગમ"




મોડાસા, તા. ૨૪

ગુજરાતમાં અસામાજિક પ્રવૃતિઓ માટે પંકાયેલી અને ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના લીરેલીરા ઉડાડી વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિદેશી દારૂ, ચરસ,ગાંજો ઘુસાડવા માટે બુટલેગરો અને અસામાજિક તત્ત્વો માટે આશીર્વાદ રૂપ ગણાતી શામળાજી- રતનપુર ચેકપોસ્ટ સહીત સમગ્ર ગુજરાતની આંતરરાજ્ય અને જીલ્લાની આંતરિક ચેકપોસ્ટ તાત્કાલિક અસરથી બંધ કરવાનો રાજ્ય પોલીસ વડા શિવાનંદ ઝાએ ૨૩ ડિસેમ્બરે રાજ્યનાં તમામ પોલીસ કમિશનર, તમામ જિલ્લા અધિક્ષક, એટીએસ તથા કોસ્ટલ સિકયુરીટીના વડા સહિતના અધિકારીઓને ફેકસ મેસેજ કર્યો હતો. જેમાં જણાવવામાં આવ્યું હતું કે, તાત્કાલિક અસરથી ગુજરાતને જોડતી મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર ઉપરાંત દરિયાઈ પોલીસ ચેકપોસ્ટ હટાવી લેવા આદેશ આપ્યો હતો. આ ચેકપોસ્ટ ખાતે ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારીને સ્થાનિક કક્ષાની કાયદો અને વ્યવસ્થાને આનુસંગિક ડયુટીમાં તહેનાત કરી દેવા સૂચના આપવામાં આવી હતી.

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાની આંતરાજ્ય સરહદો પરથી મોટા પ્રમાણમાં ગેરકાયદેસર દારૂ સહીત કેફીન પદાર્થો ની હેરાફેરી થઈ રહી છે શામળાજી નજીક આવેલી રતનપુર ચેકપોસ્ટ , મેઘરજ ઉંડવા ચેકપોસ્ટ, ભાણમેર ચેકપોસ્ટ,ખેડબ્રહ્મા અને વિજયનગર પાસે આવેલી રાણી ચેકપોસ્ટ ઉત્તરભારતના બુટલેગરોમાં હોટ ફેવરેઈટ હતી તમામ ચેકપોસ્ટ પર અને ચેકપોસ્ટ વિસ્તારમાં આવતા પોલીસ સ્ટેશનોમાં ફરજ બજાવવા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ કાવડિયા ખર્ચી અને રાજકીય વગનો ઉપયોગ કરી પોસ્ટિંગ મેળવી લાખ્ખો કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાની બૂમો વારંવાર ઉઠતી રહી છે.

રાજ્ય પોલીસ વડા શિવાનંદ ઝાના આંતરાજ્ય ચેકપોસ્ટ બંધ કરવાના નિર્ણય થી અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના કેટલાક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓમાં કભી ખુશી કભી ગમ જેવો માહોલ જોવા મળી રહ્યો છે કેટલાક પોલીસકર્મીઓ તો એનકેન પ્રકારે ચેકપોસ્ટ પરજ પડ્યા પાથર્યા રહેતા હતા

# મોબાઈલ નેટવર્ક ખોરવાતા ગ્રાહકોમાં ભારે નારાજગી

ભિલોડા,તા.૨૪

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા અને શામળાજી વિસ્તારમાં બી.એસ.એન.એલ.નું નેટવર્ક વારંવાર ખોરવાતા ગ્રાહકો હવે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.ભિલોડામાં બી.એસ.એન.એલ.ની લેન્ડલાઈન અને મોબાઈલ નેટવર્કની કનેક્ટીવીટી બે દિવસ ઠપ્પ હોવાથી ગ્રાહકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.ભિલોડા તાલુકા મથક ખાતે મોટા ભાગની સરકારી ઓફીસો અને બેંકોમાં બી.એસ.એન.એલ. નેટવર્ક કનેકટીવીટી બંધ હોઈ અધિકારીઓ અને અરજદારો હેરાન પરેશાન થઈ રહ્યા છે.મોબાઈલ નેટવર્ક ખોરવાતા ધારકોમાં ભારે નારાજગીનો માહોલ જોવા મળ્યો હતો.

બી.એસ.એન.એલ. મોબાઈલ નેટવર્કના ધાંધીયા છેલ્લા ઘણા વર્ષોથી હોઈ હવે તો ગ્રાહકો હેરાન પરેશાન થઈ રહ્યા છે.બી.એસ.એન.એલ. મોબાઈલ નેટવર્ક વારંવાર ખોરવાતા ઈમરજન્સી કામકાજ દરમ્યાન ગ્રાહકો ભારે મુશ્કેલીમાં મુંકાઈ રહ્યા છે.જાગૃત ગ્રાહકોના જણાવ્યા મુજબ બી.એસ.એન.એલ. મોબાઈલ નેટવર્ક છેલ્લા બે



દિવસથી સંપુર્ણપણે ઠપ્પ હોઈ ગ્રાહકોની હેરાનગતી દિન-પ્રતિ-દિન વધતી જાય છે.

એક તરફ ધંધાકીય હરીફાઈ વધતા મોબાઈલ નેટવર્કની પ્રાઈવેટ કંપનીઓ ગ્રાહકોને આકર્ષવા માટે અવનવી સ્કીમો ધ્વારા ગ્રાહકોને આકર્ષીત કરે છે.બીજી તરફ બી.એસ.એન.એલ. નું નેટવર્ક,કનેકટીવીટી અને સ્પીડના ધાંધીયા હોવાના કારણે બી.એસ.એન.એલ. મોબાઈલ નેટવર્ક વારંવાર ખોરવાતા ગ્રાહકો હવે તો પ્રાઈવેટ કંપનીઓ તરફ આકર્ષાઈ રહ્યા છે.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા કક્ષાના બી.એસ.એન.એલ. વિભાગના ઉચ્ચ કક્ષાના જવાબદાર અધિકારીઓ ધ્વારા લેન્ડલાઈન અને મોબાઈલ નેટવર્ક ગ્રાહકોને વ્યવસ્થિત રીતે મળે તેવું આયોજન કરવું જોઈએ તેમ જાગૃત ગ્રાહકોએ જણાવ્યું હતું.બી.એસ.એન.એલ.ના અધિકારીઓ હવે લાપરવાહી દાખવશે તો ગ્રાહકો દિન-પ્રતિ-દિન પ્રાઈવેટ કંપનીઓ તરફ આકર્ષાઈ જશે તે દિવસો હવે દુર નથી તેમ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

ભિલોડા બી.એસ.એન.એલ. કચેરીના જવાબદાર અધિકારીનો ટેલિફોનિક સંપર્ક સાધતા તેઓએ જણાવ્યું હતું કે બી.એસ.એન.એલ.નું કેબલ કટ થઈ ગયું હોવાના કારણે બી.એસ.એન.એલ.ની કામગીરી ખોરંભાઈ હોઈ વહેલી તકે બી.એસ.એન.એલ.ની સેવા રાબેતા મુજબ શરૂ કરી દેવાશે તેમ જણાવ્યું હતું.

# બનાસકાંઠાના લોક ગાયક ભરત પંચાલને એક ચાહકે સ્વીફ્ટ ગાડી ગિફ્ટ આપી




પાલનપુર, તા. ૨૪

કોઈપણ કલાકાર લોકોને મનોરંજન આપતા હોય છે ત્યારે લોકો ખુશ થઈને તેમના પર પૈસા ફેરવતા હોય છે પણ તને એવું ક્યારેય જોયું કે એક વ્યક્તિ ખુશ થઈ અને લાખો રૂપિયાની વસ્તુ ગિફ્ટમાં આપી હશે તો ચાલો અમે તમને બતાવીએ એક ચાહક કે જેને લોક ગાયક ને લાખો રૂપિયાની ગિફ્ટ આપી.

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના નાના કાપરા ગામે રહેતા અને ખેતીકામ કરતા એવા ખેડૂતપુત્ર ભરતભાઈ પંચાલ જે નાનપણથી જ સંગીતની દુનિયામાં રસ ધરાવતા હતા ....અને ગીતો ગાતા હતા પરંતુ થોડા વર્ષો પહેલા તેમનું એક સોંગ ફુદુ અને બીજું સોંગ કાનુડો આ બંને સોંગ ને લઈ લોક ગાયક ભરત પંચાલ ને સમગ્ર ગુજરાતમાં સારી એવી નામના મેળવી હતી અને તે બાદ તે નાના મોટા સ્ટેજ પ્રોગ્રામ કરવાનું ચાલુ કર્યું તે બાદ તે છરોડી ગામના હીરાજી ઠાકોર ના સંપર્કમાં આવ્યા અને તેમની સાથે અને બનાસકાંઠા સહિત સમગ્ર ગુજરાત માં સ્ટેજ પ્રોગ્રામ તેમજ દાંડિયારાસ અને નવરાત્રિ મહોત્સવમાં કામ કરવાનું ચાલુ કર્યું ત્યારે આ હીરાજી ઠાકોર દ્વારા તેમને આંબાહોટલ ગામે રહેતા દશરથજી ઠાકોર જોડે જાન પહેચાન કરાવી અને અને આંબા હોટલ ગામે પ્રોગ્રામ કર્યો તે પ્રોગ્રામમાં તેમને સારી એવી નામના મેળવી અને સારી કામગીરી લોકો પણ ખુશ થયા અને આંબા હોટલ ગામે રહેતા દશરથજી ઠાકોર પણ ખુશ થયા અને તે બાદ તે સંપર્કમાં આવ્યા અને એકબીજાના સુખ-દુઃખમાં ભાગીદાર બનવા લાગ્યા તે બાદ આંબા આંબા હોટલ ગામે રહેતા દશરથજી ઠાકોર એ લોક ગાયક ભરત પંચાલ ની કદર કરી તેમને ગિફ્ટ માં ચાર લાખ કરતા વધુની કિંમતની સ્વીફ્ટ ગાડી આપી

લોક ગાયક ભરત પંચાલ ને એક ચાહકે ખુશ થઈ લાખો રૂપિયાની ગાડી ગિફ્ટ આપતા ભરત પંચાલ એ પણ ગીફ્ટ આપનાર ચાહક નો ખુબ ખુબ આભાર માન્યો હતો એક ચાહક દ્વારા ભરત પંચાલ ને લાખો રૂપિયાની ગાડી ગિફ્ટ આપતા નાના કાપરા ગામના ગ્રામજનો સહિત ભરત પંચાલના પરિવારે ખૂબ જ ઉત્સાહ સાથે ગાડીના ગામના ચોરે વધામણા કર્યા હતા અને એકબીજાના મોં મીઠા કરાવ્યા હતા તો બીજી તરફ લોક ગાયક ભરત પંચાલ ના સાથી કલાકારો તેમજ ગ્રામજનોએ પણ ભરત પંચાલ ની કામગીરીને બિરદાવી હતી અને હજુ પણ ખૂબ વધુ સારી નામના મેળવે તેવી શુભકામના પાઠવી હતી.

# વિજયનગર મામલતદાર કચેરીમાં માજી સૈનિકો દ્વારા મામલતદારને આવેદનપત્ર અપાયું



ભિલોડા, તા. ૨૪

વિજયનગર મામલતદાર કચેરીમાં વિજયનગર તાલુકા માજી સૈનિક સંગઠન અને માજી સૈનિકો દ્વારા મામલતદાર પી.જી.ચૌહાણને આવેદનપત્ર અપાયું હતું.માજી સૈનિકોએ આવેદનપત્રમાં લેખિતમાં જણાવ્યું હતું કે ખેતી માટે પડતર ૧૬ એકર જેટલી જમીન ફાળવવા, ૨ ગુંઠા રહેણાંક માટે જમીન ફાળવવા અનુરોધ કર્યો હતો. ભારત દેશની રક્ષા માટે સૈનિકો રાત-દિવસ સરહદ પર કપરી પરિસ્થિતીમાં ખડે પગે ફરજ બજાવતા હોઈ નિવૃત્ત સૈનિકો પરીવાર સાથે સન્માનભેર જીવન જીવી શકે તેવા મુખ્ય હેતુથી ખેતી માટે સરકારી પડતર ૧૬ એકર જમીન ફાળવવાની સરકાર ધ્વારા જોગવાઈ કરવામાં આવેલ છે.સરકારની જોગવાઈ અનુસાર વિજયનગર તાલુકાના માજી સૈનિકો તેમજ સ્વ. માજી સૈનિકોની ધર્મપત્નીઓના સર્વાંગી હિત ને ધ્યાને રાખી આવેદનપત્ર મામલતદાર સમક્ષ સામુહિક રીતે રજુ કરાયું હતું.વિજયનગર મામલતદાર પી.જી.ચૌહાણએ આવેદનપત્ર સ્વીકારી માજી સૈનિકોને જણાવ્યું હતું કે ઉચ્ચ કક્ષાએ અધિકારીઓને આવેદનપત્ર મોકલી આપીશુ તેમ જણાવ્યું હતું.

# અમદાવાદમાં પોલીસ પર થયેલ હુમલાનો વિરોધ દર્શાવવા આવેદનપત્ર અપાયું

મોડાસા, તા. ૨૪

અમદાવાદમાં સીએએ અને એનઆરસીના કાયદાના વિરોધ પ્રદર્શનમાં પોલીસ ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ઘણા પોલીસ જવાનો ઘાયલ થયા હતા. આ અંગે અસામાજીક તત્વોની તાત્કાલીક ધોરણે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે અને પોલીસ ઉપર હુમલો કરાયો તેના વિરોધમાં ગુજરાત પોલીસ લાઈન બોયઝ હેલ્પ સેન્ટર ટીમ અરવલ્લી દ્વારા અરવલ્લી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.



# હિંમતનગર ખાતે અર્બન ગુજરાત કાર્યક્રમ-૨૦૨૦ સ્વચ્છતા સર્વેક્ષણ કાર્યક્રમ યોજાયો






હિંમતનગર, તા. ૨૪

સ્વચ્છતા ભારત મિશન અર્બન ગુજરાત કાર્યક્રમ-૨૦૨૦ સ્વચ્છતા સર્વેક્ષણ કાર્યક્રમમાં નાગરિકોમાં લોક જાગૃતિ કેળવાય તે સારું રાજય સરકાર દ્વારા દરેક નગરપાલિકાઓમાં સ્વચ્છતા રથ દ્વારા પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત ૨૪મી ડિસેમ્બર,૨૦૧૯ને મંગળવારે સવારે ૧૦.૦૦ કલાકે ટાવર પાસે આવેલ હિંમત હાઈસ્કૂલ મેદાનમાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં સમારંભ અધ્યક્ષ જિલ્લા સમાહર્તા માન. સી.જે.પટેલ, જિલ્લા ભાજપા પ્રમુખ તેમજ ડિરેકટર જીયુડીસી જે.ડી. પટેલ, નગરપાલિકા પ્રમુખ અનિરુદ્ધભાઈ સોરઠિયા, ઉપપ્રમુક જયાબેન પટેલ, કારોબારી ચેરમેન વિમલભાઈ ઉપાધ્યાય, આરોગ્ય સમિતિ ચેરમેન સવજીભાઈ જી. ભાટી, સ્વચ્છ ભારત અર્બન ચેરમેન શ્રીમતી નીલાબેન કે પટેલ, શહેર પ્રમુખ હર્ષદભાઈ મિસ્ત્રી, શહેર મહામંત્રી જયેશભાઈ પટેલ તેમજ કિરીટભાઈ મુંદ્રા, પ્રાંત ઓફિસર વાય એસ. ચૌધરી, નગરપાલિકા ચીફ ઓફિસર અલ્પેશકુમાર એન. પટેલની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં નગરપાલિકાના ચાર સફાઈ કામદારોનું શ્રેષ્ઠ સફાઈની કામગીરી બદલ સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ સ્વચ્છતાગ્રહી મિતેશભાઈ ગજ્જરનું સન્માન કરવામાં આવ્યું હતું. સખી મંડળની બહેનોને પ્રતિકરૂપે કાપડની થેલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ સ્વચ્છતા રથમાં આવેલ એલઈડી સ્કીન દ્વારા ફિલ્મનું નિદર્શન કરવામાં આવેલ આમ સ્વચ્છતા વિષે તેમજ પ્લાસ્ટિક મુક્ત ભારત વિષે ઉપરોક્ત મહાનુભાવો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું અને કાર્યક્રમનું સમગ્ર સંચાલન સેનેટરી ઈન્સ્પેકટર રાજેન્દ્રસિંહ જે. ચૌહાણ તથા દીપકભાઈ જી. જાની દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

# CAAના સમર્થનમાં મોડાસામાં ભવ્ય જનસમર્થન રેલી યોજાઈ







મોડાસા, તા. ૨૪

સિટીઝનશીપ એમેડમેન્ટ એક્ટ (CAA) અને નેશનલ રજીસ્ટર ઓફ સિટીઝન (એનઆરસી) હાલ અરવલ્લી જીલ્લામાં હોટ ટોપિક છે અરવલ્લી જીલ્લા નાગરિક જાગરણ સમિતિએ સિટીઝનશીપ એમેડમેન્ટ એક્ટ (સી.એ.એ) ને આવકારવા અને સમર્થનમાં મોડાસા શહેરમાં કલ્યાણ ચોકથી ભવ્યાતિભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં હિંદૂ સંગઠનો સાથે જોડાયેલા પદાધિકારીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા સી.એ.એ જનસામર્થનમાં મોડાસા શહેરના વેપારીઓએ ૧ કલાક સજ્જડ બંધ રાખી રેલીમાં જોડાયા હતા જનસમર્થન રેલીમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

અરવલ્લી જીલ્લા નાગરિક જાગરણ સમિતિએ મોડાસા શહેરમાં સિટીઝનશીપ એમેડમેન્ટ એક્ટ (સી.એ.એ) ને આવકારવા જનસમર્થન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું મોડાસા શહેરના કલ્યાણ ચોકથી ડી.જે સાથે "ભારત માતા કી જય" ના નારા સાથે બસ સ્ટેન્ડ વિસ્તાર થઈ ચાર રસ્તા સુધી ભવ્યાતિભવ્ય રેલી યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ, યુવક-યુવતીઓ અને હિન્દૂ સંગઠન સાથે સંકળાયેલા લોકો ઉપસ્થિત રહ્યા હતા સિટીઝનશીપ એમેડમેન્ટ એક્ટ (સી.એ.એ) ને મોડાસા શહેરના વેપારીઓએ ૧ કલાક ધંધા-રોજગાર બંધ રાખી જનસમર્થન રેલીને સમર્થન આપ્યું હતું મોડાસા ટાઉન પોલીસ અને જીલ્લા પોલીસતંત્રએ મોટી સંખ્યામાં રેલી સ્થળે અને રેલીના રૂટ પર પોલીસ કાફલો ખડકી દીધો હતો જનસમર્થન રેલીનું શાંતિપૂર્ણ માહોલમાં સમાપન થતા પોલીસતંત્ર અને વહીવટી તંત્રે હાશકારો અનુભવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, અરવલ્લી જીલ્લા નાગરિક જાગરણ સમિતિના નામે સિટીઝનશીપ એમેડમેન્ટ એક્ટને સમર્થન માટે મંગળવારે રેલીનું આયોજન કરવામાં આવ્યું હોવાની પત્રિકા શનિવાર બપોર બાદ સોશ્યલ મીડિયામાં ફરતી થઈ હતી બીજી તરફ રવિવારે સાંજે પોલીસતંત્રએ પણ આવી કોઈ રેલીને મંજૂરી આપવામાં આવી નથી ની પોસ્ટ સોશ્યલ મીડિયામાં વાઈરલ થયા પછી સોમવારે મોડાસા ટાઉન પોલીસ પાસે મજૂરી માંગવામાં આવતા બપોર પછી રેલીને મજૂરી આપવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં જનસમર્થન રેલીમાં ઉમટ્યા હતા.